જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

**તા.૦૯/૦૬/૨૦૧૮ શનિવાર**

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

### નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૦૮૨/૧૮

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૪ કેસ કરી, ૩૭ વ્યક્તિઓને ઝડપી, ૨૭૫ લીટર દેશી દારૂ અને ૧૮૨ બોટલ ઇંગ્લીશ દારૂ કબજે કર્યો હતો. તેમજ જુગાર ધારા હેઠળ ૩ કેસ કરી ૭ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૫૦૫૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

### તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૦૮૩/૧૮

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૨૩૮ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૧૦ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

### વિશ્વાસઘાત અને છેતરપીંડી :- સમાચાર યાદી નં.૧૦૮૪/૧૮

**ક્રાઈમ બ્રાન્ચઃ** નંદકિશોર ગૌતમભાઇ સિન્હા (ઉ.વ.૨૬)(રહે,રાજીવનગર અચેરગામ સાબરમતી) એ તા.૮/૬/૧૮ નારોજ ક્રાઈમ બ્રાન્ચ ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૯/૦૧/૨૦૧૮ થી તા.૫/૫/૨૦૧૮ સુધીના સમયગાળા દરમ્યાન પોતાના ઘરે મોબાઇલથી અને ઇન્ટરનેટના માધ્યમથી આરોપી (૧) સુધીર જોષી (૨) ઇમેલ આઇડી unionfinance94@gmail.com નો ઉપયોગ કરનાર (૩) ઇશીકા બેંક એકાઉન્ટ નં. ૬૨૫૮૧૦૧૦૦૦૭૦૩ નો ધારક (૪) MONU Yadav IDFC બેંક A/C no.10011230314 નો ધારક (૫) રીતુદેવી બંધન બેંક AC No.50170000186413 નો ધારક (૫) મો.નં.૭૫૦૩૯૬૩૧૧૨ મો.નં ૯૮૯૯૮૫૦૧૭૯ તથા મો.નં.૯૮૯૯૩૫૨૪૫૯ ના ધારક (૬) સૌરભ કપુર મો.નં.૯૭૧૧૪૨૯૬૯૩ નો ધારક (૭) રાજીવ મહેતા મો.નં.૯૮૭૩૭૭૫૧૨૪ નો ધારક (૮) કાર્તિક મલ્હોત્રા મો.નં. ૯૮૯૯૩૫૨૪૫૯ ના ધારકે ભેગામળી નંદકિશોરભાઇ ના મોબાઈલ ફોન ઉપર કોલ કરી, પ્રધાનમંત્રી યોજના હેઠળ યુનીયન ફાયનાન્સ કંપનીમાંથી ૧૧ લાખની લોન આપવાની લાલચ આપી ઇન્ટરનેટ માધ્યમથી ઇમેલ દ્વારા અલગ અલગ ફાઇલ પ્રોસેસીંગ તથા લોનના ૧૦ ટકા રકમ ભરવી પડશે તેમજ હપ્તાના એડવાન્સ નાણાં પેટે તેમજ સર્વિસ ટેક્ષના પૈસા ભરવા પડશે તેમ જણાવી અલગ અલગ બેંક ખાતાઓમાં રૂપિયા ૧,૨૦,૫૦૦/- જેટલી રકમ ભરાવી, નાણાં ઉપાડી લઇ લોન નહિ આપી તેમજ ભરેલ રકમ પાછી નહિ આપી નંદકિશોર ભાઇ સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી જે.એસ.ગેડમ ચલાવે છે.

**કાગડાપીઠ** : નિલય શ્રેણીકભાઇ શાહ (ઉ.વ.૪૨)(રહે,પાર્થ ઇન્દ્રપ્રસ્થ ટાવર, સરકારી વસાહતની પાછળ, વસ્ત્રાપુર) એ તા.૮/૬/૧૮ નારોજ કાગડાપીઠ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે આરોપી પુર્વીશ નવીનભાઇ ચૌધરી (રહે,તીર્થભુમી, મોની હોટલ પાસે ઇસનપુર) એ તા.૨૬/૦૨/૨૦૧૮ થી આજદિન સુધીના સમયગાળા દરમ્યાન સી.એમ.એસ. ઇન્ફોસીસ્ટમ લીમીટેડ અન્સ કોમ્પલેક્ષ સોરાબજી કમ્પાઉન્ડ રોડ, જુના વાડજ બસ સ્ટેડન્ડની પાછળ વાડજ ખાતે આવેલ ઓફીસ તથા અમદાવાદ શહેરના અલગ-અલગ વિસ્તારમા આવેલ બેંકના ATM માંથી કુલ રૂપિયા ૧,૩૮,૯૯,૦૦૦/- લઇ જઇ અલગ-અલગ બેકના એ.ટી.એમ. માં પૂરતા નાણાં નહી નાંખી, ઉચાપત કરી કંપની સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી એસ.એસ.મોદી ચલાવે છે.

**લુંટ :-** **સમાચાર યાદી નં.૧૦૮૫/૧૮**

**પાલડી** : જેકશન જોન્શન કીન (ઉ.વ.૪૯)(રહે,ક્રીશ્ચિયન સોસાયટી સી.એન.આઇ.ચર્ચની સામે બહેરામપુરા) એ પાલડી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૮/૬/૧૮ સાંજના ૪/૧૫ વાગ્યાના સુમારે પાલડી સમસ્ત બ્રહ્મક્ષત્રીય સોસાયટીના બંગલા પાસે, પરીશ્રમ નિવાસના કોર્નર પાસે આવેલા ચાર રસ્તા ખાતે રોડ ઉપર એક એકટીવા ઉપર આવેલ બે અજાણ્યા ઇસમો (૨૦ થી ૨૫ વર્ષના આશરાના) ભેગામળી જેક્શનભાઇ ની આંખ માં મરચાની ભુકી નાંખી, તેમનો થેલો કે જેમાં (૧) લેડીઝ કપડાનુ પાર્સલ કિંમત રૂપીયા ૧,૭૯૯/- (૨) ગ્રીન કોફી નું પાર્સલ કિંમત રૂપિયા ૧૫૦૦/- (૩) સેલફોનનુ પાર્સલ કિંમત રૂપિયા ૪૭,૯૯૯/- તથા બીજુ ત્રણ સેલફોનનુ પાર્સલ કિંમત રૂપિયા ૩૯,૯૯૭/- તથા બીજા દસ પરચુરણ પાર્સલ કિંમત રૂપિયા ૫,૦૦૦/- મળી કુલ રૂપિયા ૯૬,૨૯૫/- મતાના પાર્સલ ભરેલ થેલો, જેકશનભાઇને ધકકો મારી પાડી, થેલાની લુંટ કરી નાસી ગયા છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એ.એસ.ગરચર ચલાવે છે.

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૧૦૮૬/૧૮**

**રામોલ** : વિજયભાઇ રામકરણસિંહ રાજપુત (રહે,કર્મયોગ પાર્ક વિભાગ-૦૧ ગુરૂકુલ સ્વામીનારાયણ સ્કુલ ની સામે વસ્ત્રાલ) એ રામોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૦/૫/૧૮ ના કલાક ૦૫/૦૦ થી તા.૨૭/૫/૧૮ ના કલાક ૧૦/૧૫ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના બંધ મકાનના દરવાજાનું તાળા તોડી, અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી, તીજોરીમાંથી સોના-ચાંદીના દાગીના તથા રોકડ રૂપીયા ૭૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૧,૯૩૭૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એ.ઓ.ભરવાડ ચલાવે છે.

**આત્મહત્યા :-** **સમાચાર યાદી નં.૧૦૮૭/૧૮**

**સરદારનગરઃ** પ્રતાપભાઇ રામજીભાઇ વઠીયાર (રહે,સંજયનગર ના છાપરા કુબેરનગર સરદારનગર) એ અગમ્ય કારણસર તા.૮/૬/૧૮ ના કલાક ૧૦/૦૦ વાગ્યા પહેલા કોઇપણ સમયે પોતાના ઘરે પોતાના ઉપર કેરોસીન નાંખી, દિવાસળી ચાંપી સળગી જઇ આત્મહત્યા કરી હતી. આ અંગે સરદારનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી સુનિલભાઇ રૂપાજી ચલાવે છે.

**શાહપુરઃ** સાહીનબાનૂ વા/ઓસમીરહુસેન અઝમેરી (ઉ.વ.૨૮) (રહે. શાહપુર હલીમની ખડકી અબ્દુલરસુલ મસ્જીદની સામે શાહપુર) એ અગમ્ય કારણસર તા.૮/૬/૧૮ રાતના ૧૧/૧૫ વાગ્યાના સુમારે પોતાના ઘરે ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે શાહપુર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ. શ્રી પી.જે.સોલંકી ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,<br>
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.<br>
પોલીસ કમિશનર વતી.